GJJM020031822017

| | | | |
|---|---|---|---|
| કેસ આવ્યા તારીખ | ૧૭ | ૦૪ | ૨૦૧૭ |
| કેસ દાખલ તારીખ | ૧૭ | ૦૪ | ૨૦૧૭ |
| કેસ નિર્ણય તારીખ | ૨૮ | ૦૪ | ૨૦૨૬ |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૯ | ૦૦ | ૧૧ |

જામનગરના ત્રીજા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ(બી.એચ.ગાંધી) સાહેબની કોર્ટમાં - મુકામ જામનગર.

| | | |
|---|---|---|
| **ફોજદારી કેસ નં.** | **:** | **૨૩૯૭/૨૦૧૭** |
| ગુના રજી.નં. | : | પ્રોહી ગુ.ર.નં. ૩૪૨/૨૦૧૬, તા.૦૬/૧૨/૨૦૧૬ |
| પો.સ્ટે.નું. નામ | : | પંચકોશી એ ડિવીઝન, જામનગર. |
| આંક | : | ૧૦૬ |

**ફરીયાદી** :- શ્રી સરકાર.

**ફરીયાદ પક્ષ તર્ફે** :- વિ.એ.પી.પી.કુ.શ્રી.કે.કે.પટેલ.

**વિરૂધ્ધ**

**આરોપીઓ** :- **(૧)** મેહુલભાઇ શાંતીલાલ જાખરીયા, રહે, પંચવટી, એસવીટી કોલેજ સામે, શ્રધ્ધા એપાર્ટમેન્ટ, બ્લોક નં. ૯, જામનગર, મુળ કિષ્ના હોટલ સામે, એસ.જી.રોડ, દ્વારકા.

**(૨)** અનિરૂધ્ધસિંહ ઉર્ફે અનીયો ભીખુભા વાઘેલા, રહે, સંદલનગર, સંદલ માતાના મંદિર સામે, શ્રીપાનની બાજુમાં જામનગર.

**(૩)** પરમેશ્વર ઉર્ફે સાધુ રામજી પાંડે, રહે. સુરત, બાલકુષ્ણ રો હાઉસ, એ - ૧૧૦૭ ભેસ્તાન, મુળ શીહર ગામ, પોસ્ટ બેનતીહરી થાના શાહબગંઝ, તા. શહાબગંઝ, જી. ચંદોલી.

**(૪)** પ્રિન્સ ઉર્ફે રામુ કિશોરીલાલ દેવશંકર જયસ્વાલ,
રહે, વાપી, અપના - ૨ સોસાયટી, વકીલભાઇની ચાલી, રૂમ નંભર - ૫, જી. નવસારી, મુળ અમીલા બજાર, તા. ગૈશી, જી. મઉ, (યુ.પી).

**(૫)** શહબાજઅલી મુકતારઆલમ જલાલઉદીન, રહે, વાપી, ચલાકેવડી ફળીયા, રમણભાઇની બિલ્ડીગ, રૂમ નં. ૨૩, જી. નવસારી, મુળ બેહાલાલીગામ, સુલતાનગંજ, રેલ્વે સ્ટેશન, જી. ભાગલપુર (યુ.પી.).

**(૬)** રાજુભા પ્રતાપસિંહ પરમાર ગીરા,
રહે, રાંદલનગર, પાંચ બંગલાની બાજુમાં, જામનગર, મુળ ફલ્લા બેરાજા, તા.જી.જામનગર.

**(૭)** મહિપતસિંહ ઉર્ફે કાળુભા મોળજી કેર ગીરા, રહે, ખોડીયરા કોલોની, નીલકમલ સોસાયટી પાછળ, વાછર ડાડાના મંદિરની બાજુમાં, જી. જામનગર.

**આરોપી નં. ૧ તર્ફે :-** વિ.વ.શ્રી. એ.એચ.સમા.
**આરોપી નં. ૬, ૭ તર્ફે :-** વિ.વ.શ્રી.એ.ડી.ડાભી.

**આંક ૧૨ અરજી લગત કરવામાં આવેલ હુકમ અનુસાર આ કામના આરોપી નં. ૧, ૬, ૭ નાઓ સામે કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. રેકોર્ડ લક્ષે લેતા ફોજદારી કાર્યવાહી ધારાની કલમ ૨૯૯ અન્વયે આરોપી નં. ૨ થી ૫ નાઓની ગેરહાજરીમાં પુરાવો નોધવામાં આવેલ છે.**

**ગુનો :- ધી પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧),બી, ૬૫(એ)(ઇ), ૮૧ મુજબ.**

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | :- | ૦૬/૧૨/૨૦૧૬ |
| એફ.આઇ.આરની તારીખ | :- | ૦૬/૧૨/૨૦૧૬ |
| ચાર્જશીટની તારીખ | :- | ૧૭/૦૪/૨૦૧૭ |
| તહોમતનામાની તારીખ | :- | ૧૬/૦૪/૨૦૨૪ |
| પુરાવા શરૂ કર્યા તારીખ | :- | ૧૫/૦૫/૨૦૨૪ |
| ચુકાદા પર લેવાની તારીખ | :- | ૦૭/૦૪/૨૦૨૪ |
| ચુકાદા તારીખ | :- | ૨૮/૦૪/૨૦૨૪ |
| સજાના હુકમની તારીખ | :- | -- |

## -: આરોપીઓની વિગત :-

| નં. | આરોપીના નામ | અટક તારીખ | જામીન મુકત કર્યાની તારીખ | આક્ષેપાયેલ ગુનાની વિગત | નિદોર્ષ / દોષિત | આપવામાં આવેલ સજા | ફા.કા.સં.ની કલમ ૪૨૮ અન્વયે ઇ.કા. ના સમયગાળા દરમ્યાન કરેલ અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | મેહુલભાઇ શાંતીલાલ જાખરીયા | ૦૬/૧૨/ ૨૦૧૬ | ૧૫/૧૨/ ૨૦૧૬ | પ્રોહી એકટ કલમ ૬૬(૧)બી, | નિદોર્ષ. | -- | -- |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૬૫( એ )ઇ, ૮૧ | | | |
| ૨. | અનિરૂધ્ધસિંહ ઉર્ફે અનીયો ભીખુભા વાઘેલા | ૦૬/૧૨/ ૨૦૧૬ | ૧૫/૧૨/ ૨૦૧૬ | પ્રોહી એકટ કલમ ૬૬(૧)બી, ૬૫( એ )ઇ, ૮૧ | નિદોર્ષ. | -- | -- |
| ૩. | પરમેશ્વર ઉર્ફે સાધુ રામજી પાંડે | ૦૬/૧૨/ ૨૦૧૬ | ૧૫/૧૨/ ૨૦૧૬ | પ્રોહી એકટ કલમ ૬૬(૧)બી, ૬૫( એ )ઇ, ૮૧ | નિદોર્ષ. | -- | -- |
| ૪. | પ્રિન્સ ઉર્ફે રામુ કિશોરીલાલ જયસ્વાલ | ૦૬/૧૨/ ૨૦૧૬ | ૧૫/૧૨/ ૨૦૧૬ | પ્રોહી એકટ કલમ ૬૬(૧)બી, ૬૫( એ )ઇ, ૮૧ | નિદોર્ષ. | -- | -- |
| ૫. | શહબાજઅલી મુકતારઆલમ જલાલઉદીન | ૦૬/૧૨/ ૨૦૧૬ | ૧૫/૧૨/ ૨૦૧૬ | પ્રોહી એકટ કલમ ૬૬(૧)બી, ૬૫( એ )ઇ, ૮૧ | નિદોર્ષ. | -- | -- |
| ૬. | રાજુભા પ્રતાપસિંહ પરમાર | ૧૩/૧૨/ ૨૦૧૬ | ૧૯/૧૨/ ૨૦૧૬ | પ્રોહી એકટ કલમ ૬૬(૧)બી, ૬૫( એ )ઇ, ૮૧ | નિદોર્ષ. | -- | -- |
| ૭. | મહિપતસિંહ ઉર્ફે કાળુભા મોળજી કેર | ૧૩/૧૨/ ૨૦૧૬ | ૧૯/૧૨/ ૨૦૧૬ | પ્રોહી એકટ કલમ ૬૬(૧)બી, ૬૫( એ )ઇ, ૮૧ | નિદોર્ષ. | -- | -- |

**<u>સાક્ષીઓનો પુરાવો</u> :-**

**(અ) <u>ફરીયાદ પક્ષ તર્ફે મૌખિક પુરાવા</u> :-**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ફ.સા.નં.૧. | વશરામભાઇ ગોવિંદભાઇ આહીરની જુબાની | સાહેદ | ૨૯ |
| ફ.સા.નં.૨. | બસીરભાઇ ઇસ્માઇલભાઇ મલેકની જુબાની | ફરીયાદી | ૩૩ |
| ફ.સા.નં.૩. | હરેન્દ્રસિંહ રણજીતસિંહ જાડેજાની જુબાની | સાહેદ | ૩૫ |
| ફ.સા.નં.૪. | હરદીપભાઇ ભરતભાઇ ઘાંઘલની જુબાની. | સાહેદ | ૩૬ |
| ફ.સા.નં.૫. | કરણસિંહ ગોપાલસિંહની જુબાની | સાહેદ | ૪૩ |
| ફ.સા.નં.૬. | વશરામભાઇ ગોવિંદભાઇ આહીરની જુબાની | સાહેદ | ૫૧ |
| ફ.સા.નં.૭. | જુસબ અલીભાઇ ચૌહાણની જુબાની | પંચ સાહેદ | ૫૨ |
| ફ.સા.નં.૮. | બલભદ્રસિંહ વનરાજસિંહ ચુદાસમાની જુબાની | સાહેદ | ૬૩ |
| ફ.સા.નં.૯. | સુરેશભાઇ રામદેભાઇ ડાંગરની જુબાની | સાહેદ | ૬૬ |
| ફ.સા.નં.૧૦. | ભગીરથસિંહ અરવીદસિંહની જુબાની | સાહેદ | ૭૧ |
| ફ.સા.નં.૧૧. | અરજણભાઇ સાંગણભાઇ કડછાની જુબાની | તપાસ કરનાર અમલદાર | ૭૮ |
| ફ.સા.નં.૧૨. | ઇન્દ્રજીત જેઠાલાલ ભાગચંદાણીની જુબાની | પંચ સાહેદ | ૮૯ |

(બી) <u>આરોપી પક્ષ તર્ફે મૌખિક પુરાવા</u> :-

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| - | - | - | - |

(સી) <u>કોર્ટના સાક્ષી જો હોય તો</u> :-

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| - | - | - | - |

<u>દસ્તાવેજી પુરાવા</u> :-

(અ) <u>ફરીયાદ પક્ષ તર્ફે દસ્તાવેજી પુરાવા</u> :-

| ક્રમ | આંક | પુરાવાનુ વર્ણન |
|---|---|---|
| ૧. | ૩૪ | ફરીયાદ. |
| ૨. | ૫૩ | રીકવરી પંચનામુ. |

(બી) <u>આરોપી પક્ષ તર્ફે દસ્તાવેજી પુરાવા</u> :-

| ક્રમ | આંક | પુરાવાનુ વર્ણન |
|---|---|---|
| - | - | - |

(સી) <u>કોર્ટ તરફથી આંક આપેલ હોય તે દસ્તાવેજી પુરાવા</u> :-

| ક્રમ | આંક | પુરાવાનુ વર્ણન |
|---|---|---|
| - | - | - |

(ડી) <u>સામગ્રીની વસ્તુઓ</u> :-

| ક્રમ | આંક | પુરાવાનુ વર્ણન |
|---|---|---|
| - | - | - |

-: <u>ચુકાદો</u> :-

૧. આ કામે પંચકોશી 'એ' ડીવીઝન પ્રોહી ગુ.ર.નં.૩૪૨/૨૦૧૬, તા.૦૬/૧૨/૨૦૧૬ ના રોજ નોધાયેલ ફરીયાદની ટુંકમાં વિગત એવી છે કે, તા.૦૬/૧૨/૨૦૧૬ ના રોજ કલાક ૧ : ૦૦ વાગ્યાથી ફરીયાદી અને તેઓના સાથી પોલીસ કર્મચારીઓ નાઇટ રાઉન્ડ પ્રેટ્રોલીગમાં હોય તેઓ ૨ : ૦૦ કલાકે સપડા ગામના પાટીયા પાસે આવતા પો.હે.કો. વશરામભાઇ આહીર તથા પો.કો. નિર્મળસિંહ જાડેજા તથા પો.કો. હરદિપભાઇ ઘાંઘલને બાતમી હકીકત મળતા બે પંચોને બોલાવી હકીકતની સમજ કરી પ્રાથિમક પંચનામુ કરી કલાક ૩ : ૦૦ વાગ્યે સપડા ગામની સીમમાં કાળુભા મુળુજી કેરની વાડીમાં રેઇડ કરતા ત્યાં વાડીમાં આવેલ ઓરડીમાંથી બાજુમાં રહેલ એક ફોર વ્હીલ કારમાં છ માણસો હેરાફેરી કરતા હોય જેમાંથી એક ઇસમ ભાગી ગયેલ હોય અને પાંચ ઇસમના નામ પુછતા (૧) મેહુલભાઇ શાંતિલાલ જાખરીયા, (૨) અનિરૂધ્ધસિંહ ઉર્ફે અનીયો ભીખુભા વાઘેલા, (૩) પરમેશ્વર ઉર્ફે સાધુ રામજી પાંડે, (૪) પ્રિન્સ ઉર્ફે રામો કીશોરીલાલ જયસ્વાલ, (૫) સહબાદઅલી મુકતારઆલમ હોવાનુ જણાવેલ અને નાશી છુટેલ ઇસમનુ નામ પુછતા રાજભા પરમાર હોવાનુ જણાવેલ અને વાડીની ઓરડીમાંથી મળી આવેલ ફોરવ્હીલ ગાડીમાંથી ભારતીય બનાવટનો અંગ્રેજી પિવાનો દારુ જેમાં જોન માર્ટીન પ્રિમયમ વ્હીસ્કી દમણ બનાવટની બોટલ નંગ ૮૪૦, રોયલ ચેલેન્જર જીનેસ્ટર પ્રિમીયમ વ્હીસ્કી દમણ બનાવટની બોટલ નંગ ૩૪૮, ઓલ્ડ મંક રમ દમણ બનાવટની બોટલ નંગ ૩૮૪, બેગ પાઇપર ડીલકસ વ્હીસ્કી દમણ બનાવટની બાટલ નંગ ૧૫૬ તથા હાયવર્ડ ૫૦૦૦ સ્ટ્રોગ બીયર, દમણ બનાવટના ટીન નંગ ૮૧૬ તથા ફોર વ્હીલ કાર પંચનામાની વિગત અનુસાર કબજે કરવામાં આવેલ. ફરીયાદીએ સદર ફરીયાદમાં વધુમાં જણાવેલ છે કે, ઉપરોકત નામવાળા પાંચેય આરોપીઓને અંગ્રેજી દારુનો જથ્થો મોકલનાર બાબતે પુછપરછ કરતા માલ મોકલનાર અખીલેશ ઉર્ફે નવીન રામશંકર કહર હોવાનુ જણાવેલ તથા વાડી માલીક કાલુભા

મુળુજી સપડા જામનગર વાળા હોવાનુ જણાવેલ. આમ, ઉપરોકત વર્ણન કરેલ હકીકતે ફરીયાદમાં જણાવેલ નામવાળા આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુનો આચરેલ છે. ઉપરોકત મુજબની ફરીયાદ ફરીયાદીએ પંચકોશી ‘એ’ ડીવીઝન જામનગરમાં નોધાવતા સદર ફરીયાદ પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં. ૩૪૨, તા.૦૬/૧૨/૨૦૧૬ થી નોધણી કરવામાં આવેલ છે. તપાસ કરનાર અમલદારે તપાસ પુર્ણ કરી આ કામના આરોપીઓ સામે પ્રોહી એકટ કલમ ૬૬(૧)બી, ૬૫(એ)ઇ, ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનાનુ ચાર્જશીટ રજુ કરેલ છે.

**૨.** આ કામે તપાસ કરનાર અમલદારશ્રી ધ્વારા મારા વિ. પુરોગામી મેજીસ્ટ્રેટ સાહેબશ્રી સમક્ષ ચાર્જશીટ રજુ કરવામાં આવ્યા બાદ મારા વિ. પુરોગામી મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ધ્વારા ગુનાનુ સંજ્ઞાન લઇ ફોજદારી કાર્યવાહીના કાયદાની કલમ ૨૦૪ મુજબના પ્રોસેસ આરોપીઓને કરવામાં આવેલ છે. મારા વિ. પુરોગામી મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ધ્વારા આંક ૧૨ અરજી લગત કરવામાં આવેલ હુકમ લક્ષે લેતા આરોપી નં. ૧, ૬, ૭ હાજર રહેતા હોય અને આરોપી નં. ૨ થી ૫ ને પ્રોસસ બજવણી થતી ન હોય આ કામના આરોપી નં. ૧, ૬, ૭ સામે સ્વતંત્રરીતે કેસની કાર્યવાહી આગળ ચલાવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ મારા વિ. પુરોગામી મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ધ્વારા આંક ૨૨ થી તહેમતનામુ ફરમાવી આરોપી નં. ૧, ૬, ૭ નાઓની આંક ૨૩, ૨૪, ૨૫ થી પ્લી લેવામાં આવતા સદર આરોપી નં. ૧, ૬, ૭ નાઓએ ગુનો કબુલ ન હોવાનુ જાહેર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ અને ફરીયાદ પક્ષના પુરાવા રજુ કરવા માટે રાખવામાં આવેલ.

**3.** ફરીયાદ પક્ષ તર્ફે ઉપરોકત વર્ણન કર્યા મુજબના પુરાવા રજુ કર્યા બાદ ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી. ધ્વારા મૌખીક વિનંતીથી

તેઓનો પુરાવો પુર્ણ થયાનુ જાહેર કરતા ફરીયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયેલ છે. ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવા વંચાણે લેતા આરોપી નં. ૧, ૬, ૭ નાઓનુ ફોજદારી કાર્યવાહી ધારાની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોધવામાં આવેલ છે. સદર વિશેષ નિવેદનમાં આ કામના આરોપી નં. ૧, ૬, ૭ નાઓએ તેઓનો પુછવામાં આવેલ સવાલોનો નકારમાં જવાબ આપી આરોપી નં. ૧, ૬, ૭ નાઓએ સોગંદ પર જુબાની આપેલ નથી કે બચાવમાં સાહેદો તપાસેલ નથી અને વિશેષમાં તેઓ નિદોર્ષ હોવાનુ જણાવી ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે.

**૪.** ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી. ધ્વારા કરવામાં આવેલ મૌખીક દલીલો તથા આરોપી નં. ૧, ૬, ૭ ના વિ.વ.શ્રી. ધ્વારા કરવામાં આવેલ મૌખીક દલીલો ધ્યાનપુર્વક સાંભળવામાં આવેલ છે.

**૫.** આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા હાલના કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થીત થાય છે.

**(૧)** શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, બનાવની તારીખે, સમયે અને સ્થળે રેઇડ કરતા ત્યાં વાડીમાં આવેલ ઓરડીમાંથી બાજુમાં રહેલ એક ફોર વ્હીલ કારમાં છ માણસો હેરાફેરી કરતા હોય જેમાંથી એક ઇસમ ભાગી ગયેલ હોય અને પાંચ ઇસમના નામ પુછતા (૧) મેહુલભાઇ શાંતિલાલ જાખરીયા, (૨) અનિરૂધ્ધસિંહ ઉર્ફે અનીયો ભીખુભા વાઘેલા, (૩) પરમેશ્વર ઉર્ફે સાધુ રામજી પાંડે, (૪) પ્રિન્સ ઉર્ફે રામો કીશોરીલાલ જયસ્વાલ, (૫) સહબાદઅલી મુકતારઆલમ હોય અને નાશી છુટેલ ઇસમનુ નામ પુછતા રાજભા પરમાર હોય અને વાડીની ઓરડીમાંથી મળી આવેલ

ફોરવ્હીલ ગાડીમાંથી પાસ પરમીટ વગર ભારતીય બનાવટનો અંગ્રેજી પિવાનો દારુ હોય, જેમાં જોન માર્ટીન પ્રિમયમ વ્હીસ્કી દમણ બનાવટની બોટલ નંગ ૮૪૦, રોયલ ચેલેન્જર જીનેસ્ટર પ્રિમીયમ વ્હીસ્કી દમણ બનાવટની બોટલ નંગ ૩૪૮, ઓલ્ડ મંક રમ દમણ બનાવટની બોટલ નંગ ૩૮૪, બેગ પાઇપર ડીલકસ વ્હીસ્કી દમણ બનાવટની બાટલ નંગ ૧૫૬ તથા હાયવર્ડ ૫૦૦૦ સ્ટ્રોગ બીયર, દમણ બનાવટના ટીન નંગ ૮૧૬ તથા ફોર વ્હીલ કાર પંચનામાની વિગત અનુસાર કબજે કરવામાં આવેલ અને અંગ્રેજી દારુનો જથ્થો આરોપી અખીલેશ ઉર્ફે નવીન રામશંકર કહરે મોકલી આપી તમામ આરોપીઓએ ગુનો કરવામાં એક બીજાની મદદગારી કરી આરોપીઓએ પ્રોહી એકટ કલમ ૬૬(૧)બી, ૬૫(એ)ઇ, ૮૧ મુજબના શિક્ષા પાત્ર ગુનાઓ આચરેલ છે.

**(૨)** શું હુકમ?

**૬.** ઉપરોકત મુદાઓ અંગે નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

**(૧)** નકારમાં.

**(૨)** આખરી હુકમ મુજબ.

**-: <u>નિર્ણય માટેના કારણો</u> :-**

**<u>મુદા નંબર : ૧, ૨ નાઓની સંયુકત ચર્ચા</u> :-**

**૭.** મુદા નં. ૧, ૨ પરસ્પર સંકળાયેલા હોય પુરાવા તથા કાયદાની ચર્ચાનુ પુનરાવર્તન ટાળવાના હેતુથી મુદા નં. ૧, ૨ નાઓની સંયુકત ચર્ચા કરવામાં

આવેલ છે.

૮. ફરીયાદ પક્ષ તર્ફે ફ.સા.નં. ૧ તરીકે આંક ૨૯ થી સાહેદ વશરામભાઇ ગોવિંદભાઇ આહીર, ફ.સા.નં. ૨ તરીકે આંક ૩૩ થી ફરીયાદી બસીરભાઇ ઇસ્માઇલભાઇ મલેક, ફ.સા.નં. ૩ તરીકે આંક ૩૫ થી સાહેદ હરેન્દ્રસિંહ રણજીતસિંહ જાડેજા, ફ.સા.નં. ૪ તરીકે આંક ૩૬ થી સાહેદ હરદીપભાઇ ઘાંઘલ, ફ.સા.નં. ૫ તરીકે આંક ૪૩ થી સાહેદ કરણસિંહ ગોપાલસિંહ, ફ.સા.નં. ૬ તરીકે આંક ૫૧ થી સાહેદ વશરામભાઇ ગોવિંદભાઇ આહીર, ફ.સા.નં. ૮ તરીકે આંક ૬૩ થી સાહેદ બલભદ્રસિંહ વનરાજસિંહ ચુડાસમાં, ફ.સા.નં. ૯ તરીકે આંક ૬૬ થી સાહેદ સુરેશભાઇ રામદેભાઇ ડાંગર, ફ.સા.નં. ૧૦ તરીકે આંક ૭૧ થી સાહેદ ભગીરતસીહ અરવીદસીહનાઓને તપાસવામાં આવેલ છે. સદર તમામ સાહેદો કહેવાતી રેઇડમાં હાજર હોય તે પોલીસ કર્મચારીઓ હોય તથા સદર તમામ સાહેદોના મૌખીક પુરાવા લક્ષે લેતા એક જ સ્વરૂપના હોય પુનરાવર્તન ટાળવાના હેતુથી સદર તમામ સાહેદોએ તેઓની સરતપાસમાં જણાવેલ તમામ કથનો અલગ અલગ અહી લખવામાં આવેલ નથી. સદર તમામ સાહેદોએ તેઓની પુરાવાની સરતપાસમાં મુખ્યત્વે જણાવેલ છે કે, બાતમી હકીકત મળતા બે પંચોને બોલાવી હકીકતની સમજ કરી પ્રાથિમક પંચનામુ કરી કલાક ૩ : ૦૦ વાગ્યે સપડા ગામની સીમમાં કાળુભા મુળુજી કેરની વાડીમાં રેઇડ કરતા ત્યાં વાડીમાં આવેલ ઓરડીમાંથી બાજુમાં રહેલ એક ફોર વ્હીલ કારમાં છ માણસો હેરાફેરી કરતા હોય જેમાંથી એક ઇસમ ભાગી ગયેલ હોય અને પાંચ ઇસમના નામ પુછતા (૧) મેહુલભાઇ શાંતિલાલ જાખરીયા, (૨) અનિરૂધ્ધસિંહ ઉર્ફે અનીયો ભીખુભા વાઘેલા, (૩) પરમેશ્વર ઉર્ફે સાધુ રામજી પાંડે, (૪) પ્રિન્સ ઉર્ફે રામો કીશોરીલાલ જયસ્વાલ, (૫) સહબાદઅલી મુકતારઆલમ હોવાનુ જણાવેલ અને નાશી છુટેલ ઇસમનુ નામ પુછતા રાજભા પરમાર હોવાનુ જણાવેલ અને વાડીની ઓરડીમાંથી મળી આવેલ

ફોરવ્હીલ ગાડીમાંથી ભારતીય બનાવટનો અંગ્રેજી પિવાનો દારુ જેમાં જોન માર્ટીન પ્રિમયમ વ્હીસ્કી બોટલ નંગ ૮૪૦, રોયલ ચેલેન્જર પ્રિમીયમ વ્હીસ્કી બોટલ નંગ ૩૪૭, ઓલ્ડ મંગ રમ બોટલ નંગ ૩૮૪, બેગ પાઇપર ડીલકસ વ્હીસ્કી બોટલ નંગ ૯૫ તથા હાયવર્ડ ૫૦૦૦ સ્ટ્રોગ બીયર ટીન નંગ ૮૧૬ તથા ફોર વ્હીલ કાર પંચનામાની વિગત અનુસાર કબજે કરવામાં આવેલ અને પાંચેય આરોપીઓને અંગ્રેજી દારુનો જથ્થો મોકલનાર બાબતે પુછપરછ કરતા માલ મોકલનાર અખીલેશ ઉર્ફે નવીન રામશંકર કહર હોવાનુ જણાવેલ.

સદર ફ.સા.નં. ૧, ફ.સા.નં. ૨, ફ.સા.નં. ૩, ફ.સા.નં. ૪, ફ.સા.નં. ૬, ફ.સા.નં. ૯, ફ.સા.નં. ૧૦ નાઓની આરોપી નં. ૧, ૬, ૭ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષે લેતા સદર તમામ સાહેદોઓ ઉલટ તપાસમાં તેઓને પુછવામાં આવેલ સવાલોનો નકારમાં જવાબ આપી એ સવાલનો હકારમાં જવાબ આપેલ છે કે, તેમના નિવેદનમાં રેડમાં ગયેલ ખાનગી ટેમ્પો ટ્રાવેલર્સના નંબર કે તેના માલીકનુ નામ જણાવેલ નથી તથા એ સવાલનો હકારમાં જવાબ આપી સ્વીકાર કરેલ છે કે, તેમના નિવેદનમાં બંને પંચો જામનગરના છે અને બનાવ સપડા ગામની સીમમાં રેડ કરેલ છે તેવુ લખાવેલ છે તથા એ સવાલનો હકારમાં જવાબ આપી સ્વીકાર કરેલ છે કે, પ્રોહી કલમ ૧૨૦ નો ઠરાવ કરેલ નથી.

૯. ફરીયાદ પક્ષ તર્ફે સાહેદ નં. ૭ તરીકે આંક ૫૨ થી પંચ સાહેદ જુસુબ અલીભાઇ ચૌહાણને તપાસતા તેઓએ તેમના પુરાવાની સરતપાસમાં આંક ૫૩ થી રજુ થયેલ પંચનામામાં તેમની સહી જોય ઓળખી બતાવી તેઓની હાજરીમાં કોઇ ઇસમો પાસેથી દારુ કબજે કરવામાં આવેલ હોય તેવુ બનેલ ન હોવાનુ જણાવેલ છે. સદર પંચ સાહેદને વિ.એ.પી.પી.શ્રી.ની મૌખીક વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કર્યા બાદ સદર

સાહેદને વિ.એ.પી.પી.શ્રી. ધ્વારા પુછવામાં આવેલ સુચક પ્રશ્નોથી પણ કોઇ ફળદાયી હકીકત રેકોર્ડ પર પ્રસ્થાપિત થયેલ નથી કે જે ફરીયાદ પક્ષને મદદરૂપ થાય.

**૧૦.** ફરીયાદ પક્ષ તર્ફે સાહેદ નં. ૧૧ તરીકે આંક ૭૮ થી તપાસ કરનાર અમલદાર અઅરજણભાઇ સાંગણભાઇને તપાસતા તેઓએ તેમના પુરાવાની સરતપાસમાં જણાવેલ છે કે, આ ગુનાના કામે પી.એસ.આઇ ચાવડાએ આરોપી મેહુલ શાંતીલાલ સહીત કુલ ૭ આરોપીઓએ અટક કરેલ અને દારુનો જથ્થો સપ્લાય કરનાર અખીલેશ રામશંકરને પકડવાનો બાકી હતો તેની તપાસ કરવા છતાં મળી આવેલ ના હતો. આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરવા જેટલો પુરાવો હોય આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ. સદર તપાસ કરનાર અમલદારે આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી. ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ સવાલનો હકારમાં જવાબ આપી સ્વીકાર કરેલ છે કે, મુદામાલ જે જગ્યામાંથી મળી આવેલ હોવાનુ જણાવવેલ છે તે જગ્યા કોની માલીકી કબજાની છે તેનુ કોઇ રેવન્યુ રેકોર્ડ તપાસેલ નથી.

**૧૧.** ફરીયાદ પક્ષ તર્ફે સાહેદ નં. ૧૨ તરીકે આંક ૮૯ થી પંચ સાહેદ ઇન્દ્રજીત જેઠાલાલને તપાસતા તેઓએ તેમના પુરાવાની સરતપાસમાં જણાવેલ છે કે, પોલીસે તેમન૦ કોઇ પંચનામામાં પંચ તરીકે સહી લીધેલ હોય તેવુ તેમને યાદ નથી. સને ૨૦૧૭ માં તેઓ આંખ ધ્વારા જોઇ શકતા હતા. તા.૨૦/૦૫/૨૦૨૦ ના રોજ તેમના લતામાં રહેતા અમુક માણસોએ તેમના ઘર આગળ માર મારેલ હોવાથી બનાવમાં તેમની આંખની દષ્ટિ જતી રહેલ છે. જેથી હાલ તેમને પંચનામુ બતાવવામાં આવે તો જોઇને વાંચી શકુ તેમ નથી. તેઓ જે તે સમયે ગુજરાતીમાં સહી કરતા હતા. તેઓ ઇન્દ્રજીત તરીકે તેમના નામની સહી કરતા હતા.

**<u>ફરીયાદ પક્ષે રજુ થયેલ તમામ પુરાવાઓનુ સંયુકત મુલ્યાકન</u> :-**

**૧૨.** ફોજદારી ન્યાય પ્રણાલીના મુળભુત અને પાયાના સિધ્ધાત મુજબ આરોપીઓ સામે આક્ષેપવામાં આવેલ ગુનો શંકારહીત રીતે પુરવાર કરવાનો ભાર ફરીયાદ પક્ષના શિરે રહેલો છે. જો ફરીયાદ પક્ષના કેસમાં શંકા ઉપસ્થીત થાય તો સદર શંકાનો લાભ આરોપીઓની તરફેણમાં રહે છે. અમુક ચૌકકસ સંખ્યામાં સાક્ષીઓ તપાસવા પડે તેવો કોઇ નિયમ નથી. પુરાવાના પ્રસ્થિાપિત થયેલ સિધ્ધાત અનુસાર પુરાવાની ગુણવતા લક્ષે લેવાની હોય છે. એક નબળો પુરાવો બીજા નબળા પુરાવાની ક્ષતિ દુર કરી શકે નહી. આરોપી પક્ષે નબળો બચાવ લેવામાં આવેલ હોય કે બચાવ કરેલ ન હોય તે માત્રથી ફરીયાદ પક્ષનો કેસ નિંઃશકપણે પુરવાર થયેલાનુ અનુમાન થઇ શકે નહી.

**૧૩.** ફરીયાદમાં જે પંચોની હાજરીમાં રેડ કરી પંચનામુ કરવામાં આવેલ હોવાનુ કથન કરવામાં આવેલ છે તે પંચ સાહેદોનો મૌખીક પુરાવો લક્ષે લેવામાં આવે તો પંચ સાહેદ જુસબ અલીભાઇ ચૌહાણે તેઓની જુબાનીથી આંક ૫૩ થી રજુ થયેલ રીકવરી પંચનામાની વિગતોને લેશ માત્ર સર્મથન આપેલ નથી. સદર આંક ૫૩ થી રજુ થયેલ પંચનામાના અન્ય પંચ સાહેદ ઇન્દ્રજીત જેઠાલાલે તેઓની જુબાનીમાં તેઓની હાજરીમાં કોઇ ઇસમ પાસેથી દારુની બોટલો કબજે કરવામાં આવેલ હોય તેવી હકીકતને લેશમાત્ર સર્મથન આપેલ નથી. આમ, આંક ૫૩ થી રજુ થયેલ પંચનામાના પંચ સાહેદોએ સદર પંચનામાની વિગતોને લેશમાત્ર સર્મથન આપેલ ન હોય ફરીયાદ પક્ષના કેસમાં વ્યાજબી શંકાઓ ઉત્પન્ન થાય છે.

**૧૪.** ફ.સા.નં. ૧, ફ.સા.નં. ૨, ફ.સા.નં. ૩, ફ.સા.નં. ૪, ફ.સા.નં. ૬, ફ.સા.નં. ૯, ફ.સા.નં. ૧૦નાઓ પોલીસ કર્મચારી છે. સદર તમામ સાહેદોની

સરતપાસ લક્ષે લેવામાં આવે તો સદર મુદામાલ બોટલો સ્થાનીકે શીલ કરવામાં આવેલ હોય તેવી હકીકતને સર્મથન મળેલ નથી. ચાર્જશીટના કોલમ નં. ૪ માં રાજકોટ એફ.એસ.એલને સાહેદ તરીકે દર્શાવેલ છે. તપાસ કરનાર અમલદારે તેમની જુબાનીમાં સ્થાનીકેથી કબજે કરવામાં આવેલ નમુનો જ એફ.એસ.એલ પરીક્ષણ માટે મોકલવામાં આવેલ હોય તેવા કોઇ કથનો કરેલ નથી. આમ, સ્થાનીકેથી કબજે કરવામાં આવેલ નમુનો જ શીલબંધ હાલતમાં એફ.એસ.એલ પરીક્ષણ માટે મોકલવામાં આવેલ હોય તે કડી જ પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે.

**૧૫.** ફ.સા.નં. ૧, ફ.સા.નં. ૨, ફ.સા.નં. ૩, ફ.સા.નં. ૪, ફ.સા.નં. ૬, ફ.સા.નં. ૯, ફ.સા.નં. ૧૦નાઓ પોલીસ કર્મચારી હોય જેથી તેઓને સ્વભાવિક પણ ફરીયાદ પક્ષના કેસમાં હિત ધરાવતા સાક્ષીઓ ગણી શકાય. કહેવાતી જે વાડીમાં રેડ કરવામાં આવેલ તેના માલીક કાળુભા મુળુજી હોવાનુ ફરીયાદમાં કથન કરવામાં આવેલ છે. તપાસ કરનાર અમલદારની ઉલટ તપાસ લક્ષે લેતા કહેવાતી જે વાડીમાં રેડ કરેલ તે જગ્યાના માલીક કબજેદાર કાળુભા મુળુજી હોય તેવા કોઇ દસ્તાવેજો તેઓએ મેળવેલ હોય કે તપાસ કરેલ હોય તેવુ જણાય આવેલ નથી. તપાસ કરનાર અમલદારની જુબાની લક્ષે લેતા કહેવાતી જે અંગ્રેજી દારુની બોટલો કબજે થયેલ છે તે જે કંપની અને બ્રાંડની છે તે કંપનીના અધિકૃત અધિકારીનુ નિવેદન નોંધેલ હોવાનુ જણાય આવેલ નથી. પુરાવાના પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત અનુસાર આરોપીએ પોલીસ અમલદારની હાજરીમાં કે પોલીસ અમલદારની રુબરુમાં સ્વઆક્ષેપાત્મક સ્વરૂપના કબુલાતના કથનો કરેલ હોય તો તે કબુલાત સ્વરૂપના કથનો પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહી. જેથી ફ.સા.નં. ૧, ફ.સા.નં. ૨, ફ.સા.નં. ૩, ફ.સા.નં. ૪, ફ.સા.નં. ૬, ફ.સા.નં. ૯, ફ.સા.નં. ૧૦નાઓ પોલીસ કર્મચારી તેઓની રુબરુ કરવામાં આવેલ ગુના સંબધીતના કબુલાત સ્વરૂપના કથનો પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહી.

૧૬. નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા Mansibhai Mulubhai Kathi Darbar Versus State Of Gujaratના કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 2012 (0) AIJEL-HC 226798 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે,

6. From the record it clearly appears that the Panchas have not supported the case of prosecution. It also appears that, except the Panch witness and Police witnesses, the prosecution has not examined any independent witness to support the case of the prosecution and there is no mentioned either in the panchnama or in the complaint or in the deposition of witnesses that the bottle was sealed and intact and there was label indicating the name of its manufacturer. Section 116B of the Bombay Prohibition Act would read as under :

"SECTION - 116B - Where in any trial for any offence of unlawful possession of liquor under this Act, it is provided that the accused person was in the possession of any sealed bottle bearing the original label indicating the name of any known brand of spirits, such as whisky, brandy, rum, gin, club-cup, liquors, milk phunch or of wines such as champagne etc...... and the name of its manufacturer it shall be presumed that the accused person was in possession of liquor."

As per the said Section, before a presumption can be raised there-under, it is necessary to establish in evidence that the sealed bottle was bearing the original label indicating the name of any known brand of spirits and also the name of the manufacturer. From the record, It clearly appears that at least the condition regarding the manufacturer of the bottles in question has not been fulfilled in the present case.

7. In the present case, it is clearly appeared that the Panchas have not supported the case of the prosecution and there is no

mention in the panchnama regarding the seal and slip rapped on the bottle and the recovery of muddamal from the applicant - accused is also doubtful. No independent witness is examined to support the case of prosecution. There are also number of material contradictions in the evidence of witnesses. Therefore, in my opinion both the Courts below have committed error in holding the applicant - accused guilty of the offence charged against him.

**૧૬.૧.** નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા State Of Gujarat Versus Sureshbhai S.Patelના કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 2010 (0) AIJEL-HC 224081 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, The Trial Court has, after appreciating the oral as well as documentary evidence, found that pancha witness - Kantibhai Kikabhai declared hostile. It is also observed by the learned Magistrate that panch witness Kantibhai did not support the Panchnama at Exhibit 7. It is also observed by the learned Magistrate that the complainant has not mentioned as to how many bottles of which brand he has seized. It is also observed by the learned Magistrate that when panchas are turned hostile and did not support the case of the complainant, it would not be appropriate to solely rely upon the evidence of complainant. Thus, the prosecution has failed to prove its case beyond reasonable doubt against the respondent- accused.

**૧૭.** આમ, ઉપરોકત ચર્ચા કરી તે કેસ ચુકાદાઓમાં ઠરાવેલ સિધ્ધાંત અનુસાર જયારે પંચ સાહેદોને ફરીયાદપક્ષ ફરી ગયેલ સાહેદ જાહેર થાય ત્યારે એક માત્ર ફરીયાદીના પુરાવા પર આધાર રાખવો સલામતી ભર્યું ગણાય નહી. જો પંચ સાહેદો ફરીયાદીના કેસને સર્મથન આપતો પુરાવો ન આપે તેમજ મુદામાલના શીલ અને સ્લીપ કરેલ હોવાનો શંકા ઉપજાવતો હોય

તેનો લાભ આરોપીની તરફેણમાં રહે છે. નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા જીવનભાઇ તળશીભાઇ વસાવા વિ. સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે ૨૦૦3 (૦)એઆઇજેઇલ-એચસી ૨૦૫૭૨૧ પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, પંચ સાક્ષીઓએ ફરીયાદ પક્ષના કેસને સર્મથન આપેલ નહી અને પોલીસ અધિકારીએ પંચનામાની સામગ્રી સાબિત કરવા કાળજી લીધી ન હતી. જે પંચનામાની વિગત પુરવાર થયેલ ન હોય પંચનામાને પુરાવામાં વાંચી શકાય નહી. આમ, ઉપરોકત ચર્ચા કરી તે તમામ પુરાવા લક્ષે લેતા હાલના કામે થયેલ આંક ૫૩ ના રીકવરી પંચનામાની વિગતોને સદર પંચનામાના પંચ સાહેદોની જુબાનીથી સર્મથન મળેલ નથી. કહેવાતી જે વાડીમાં રેડ કરેલ તે જગ્યાના માલીક કબજેદાર કાળુભા મુળુજી હોય તેવા કોઇ દસ્તાવેજો તેઓએ મેળવેલ હોય કે તપાસ કરેલ હોય તેવુ જણાય આવેલ નથી. તપાસ કરનાર અમલદારની જુબાની લક્ષે લેતા કહેવાતી જે અંગ્રેજી દારુની બોટલો કબજે થયેલ છે તે જે કંપની અને બ્રાંડની છે તે કંપનીના અધિકૃત અધિકારીનુ નિવેદન નોધેલ હોવાનુ જણાય આવેલ નથી. જેથી ઉપરોકત ચર્ચા કરી તે તમામ પુરાવા લક્ષે લેતા તથા ઉપરોકત ચર્ચા કરી તે કેસ ચુકાદાઓમાં ઠરાવેલ સિધ્ધાત લક્ષે લેતા ફરીયાદ પક્ષના કેસમાં વ્યાજબી શકાઓ ઉત્પન્ન થયેલ છે.

૧૮. આમ, ઉપરોકત ચર્ચા કરી તે તમામ વિગતો તથા આ કામે રજુ થયેલ પુરાવા લક્ષે લેતા ફરીયાદ પક્ષ સંપુર્ણ ભરોસાપાત્ર (વિશ્વસનીય), શંકારહીત તથા પર્યાપ્ત પુરાવાના અભાવે ફરીયાદ હકીકત અનુસાર આ કામના આરોપીઓ પાસેથી પંચનામાની વિગત અનુસાર મુદામાલ કબજે થયેલ હોવાની હકીકત શંકારહીત રીતે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય શંકાનો લાભ આરોપીઓની તરફેણમાં આપી **મુદા નંબર (૧)** પરત્વે **નકારમાં** નિર્ણય આપવામાં આવે છે. આ કામે આરોપી નં. ૨ થી ૫ નાઓને બજવણી કરનાર અધિકારી પ્રોસેસની બજવણી કરવામાં સફળ

થયેલ નથી અને આરોપી નં. ૨ થી ૫ નાઓને કોર્ટ સમક્ષ હાજર રખાવી શકેલ નથી. ફોજદારી કાર્યવાહી ધારાની કલમ ૩૫૩ પેટા કલમ ૬ માં કરવામાં આવેલ જોગવાઇ અનુસાર ચુકાદો જાહેર કરતી સમયે (એ) જો અદાલતે આરોપીની હાજરી માફ કરી હોય અથવા (૨) જો આરોપી ફકત દંડની સજા કરવામાં આવી હોય અથવા (ક) આરોપીને નિદોષ છોડી મુકવામાં આવેલ હોય આરોપીની હાજરી જરૂરી નથી. આ કામે મુદા નં. ૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવેલ હોય આ કામે આરોપીઓને દોર્ષિત ઠરાવી શકાય તેમ નથી. આ કામે આરોપી નં ૨, ૪, ૫ નાઓને હાજર રાખ્યા બાદ જો કેસનો ચુકાદો જાહેર કરવામાં આવે તો પણ આ કેસના અંતિમ પરીણામમાં કોઇ ફેર પડતો નથી. જો આરોપી નં. ૨, ૪, ૫ નાઓની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરવામાં આવે તો કોઇપણ પક્ષકારને વિપરીત અસર થાય તેમ નથી. આમ, ઉપરોકત ચર્ચા કરી તે તમામ હકીકત તથા ફોજદારી કાર્યવાહી ધારાની કલમ ૩૫૩ ની પેટા કલમ ૬ માં કરવામાં આવેલ જોગવાઇ લક્ષે લેતા આરોપી નં. ૨, ૪, ૫ નાઓની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરવો ઉચીત જણાતુ હોય તથા મુદા નં. ૧ નો નિર્ણય લક્ષે લેતા **મુદા નં. ૨** પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** ફરમાવ છું.

## -: <u>આખરી હુકમ</u> :-

**૧.** ફોજદારી કાર્યવાહી ધારાની કલમ ૨૪૮(૧) અન્વયે આ કામના આરોપી નં. (૧) મેહુલભાઇ શાંતીલાલ જાખરીયા, (૨) અનિરૂધ્ધસિંહ ઉર્ફે અનીયો ભીખુભા વાઘેલા, (૩) પરમેશ્વર ઉર્ફે સાધુ રામજી પાંડે, (૪) પ્રિન્સ ઉર્ફે રામુ કિશોરીલાલ દેવશંકર જયસ્વાલ, (૫) શહબાજઅલી મુકતારઆલમ જલાલઉદીન, (૬) રાજુભા પ્રતાપસિંહ પરમાર ગીરા, (૭) મહિપતસિંહ ઉર્ફે કાળુભા મોળજી કેર ગીરા નાઓને ધી પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી, ૬૫(એ)ઇ, ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓમાંથી શંકાનો લાભ

આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામના આરોપી નં. ૨, ૪, ૫ નાઓની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરવામાં આવેલ હોય આરોપી નં. ૨, ૪, ૫ ના ફોજદારી કાર્યવાહી ધારાની કલમ ૪૩૭(એ) અન્વયેના જામીન લઇ શકાયેલ ન હોય સદર આરોપીઓના રેકોર્ડમાં અગાઉ રજુ થયેલ જામીન તથા જાતમુચરકા આ હુકમ તારીખથી છ માસ સુધી ચાલુ રાખવાનો આદેશ કરવામાં આવે છે.

**૩.** ફોજદારી કાર્યવાહીના કાયદાની કલમ ૪૩૭(એ) અન્વયે આ કામના દરેક આરોપી નં. ૧, ૪, ૬ નાઓના અગાઉ રજુ થયેલ જામીન તથા જાતમુચરકા આ હુકમ તારીખથી છ માસ સુધી ચાલુ રાખવાનો આદેશ કરવામાં આવે છે.

**૪.** મુદામાલ અંગ્રેજી દારુની બોટલો તથા બીયરના ટીનો નાશપાત્ર હોય અપીલ પીરયડ બાદ ધોરણસર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. મુદામાલ પાવતી મુજબ કબજે કરવામાં આવેલ ફોર વ્હીલ નં. જી.જે.૦૫.જે.એન.૪૩૩૪, એક હોડા મોટર સાયકલ નં. જી.જે.૧૦-સી.બી. ૬૨૦૯ અંગે વચગાળાનો જો કોઇ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અને જો સદર વાહનો પરત્વે વચગાળાનો હુકમ થયેલ ન હોય તો અપીલ પીરયડબાદ ધોરણસર તપાસ કરી સદર વાહનો પરત્વે હુકમ કરવાનો આદેશ કરવામાં આવે છે. મુદામાલ પાવતી મુજબ કબજે કરવામાં આવેલ મોબાઇલ ફોન અંગે જો કોઇ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમ આથી કાયમ કરવામાં આવે છે અને જો કોઇ વચગાળાનો હુકમ કરવામાં આવેલ ન હોય તો અપીલ પીરયડ બાદ ધોરણસર તપાસ કરી નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. મુદામાલ પાવતી મુજબ કબજે કરવામાં આવેલ ચલણી નોટો અંગે વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અને સદર ચલણી

નોટો અંગે વચગાળાનો હુકમ થયેલ ન હોય તો અપીલ પીરયડ બાદ ધોરણસર તપાસ કરી અલગથી આદેશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ ચુકાદો આજ તા. ૨૮ માહે : એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જામનગર

તા.૨૮/૦૪/૨૦૨૬ (ભદ્રેશ હસમુખલાલ ગાંધી)

શ્રીજા એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, જામનગર

જજ કોર્ડ નં. જીજે૦૦૯૫૭